**Commissionerate of Technical Education, Gujarat State**
**કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજય**

બ્લોક નં.૨, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર ૩૮૨૦૧૦

**Block No. 2, 6th Floor, Karmayogi Bhavan**
**Sector-10-A, Gandhinagar – 382 010**

☎ : (079) 232 53546
FAX : (079) 232 53539
URL : http://dte.gswan.gov.in
GRAM : EDUTECH(N)
E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in

ક્રમાંક: સીટીઇ/MYSY /યુનિ હેલ્પ સેન્ટર/ક(૪)/૨૦૧૬-૧૭/ 30526 તા. 7 NOV 2016

વિષય: રાજયની યુનિવર્સિટીઓ દ્વારા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના અમલ બાબત

વંચાણે લીધા : (૧) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના કાર્યાલયનો તા. ૨૧/૧૦/૨૦૧૬ નો પત્ર ક્રમાંક:મ.શિ.વૈ.સં/પીએસ-૨૭૪/૨૦૧૬

(૨) માન. સંસદીય સચિવ (મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ) નો તા.૧૪/૧૦/૧૬ પત્ર ક્રમાંક:સં.સ./મ.બા.ક.શિ/વીઆઈપી-૩૫/૨૦૧૬

પરિપત્ર:

રાજ્ય સરકારે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પાસ થનાર સમાજના તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવાના હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના શરૂ કરેલ છે. આ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવમાં આવે છે. વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે તમામ જીલ્લાઓમાં પ્રથમ વર્ષે ૯૧ જેટલા હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ હતા. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના પ્રથમ વર્ષે વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ ૧૪૨૭૪ વિદ્યાર્થીઓને રૂ. ૪૭.૦૪૭૯ કરોડની સહાય અત્યાર સુધીમાં કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી યોજનાનો લાભ વધુને વધુ વિદ્યાર્થીઓને મળી રહે તે માટે પરસેન્ટાઈલ મર્યાદા ૯૦ થી ઘટાડીને ૮૦ અને વાલીની આવક મર્યાદા રૂ. ૪.૫૦ લાખથી વધારીને રૂ. ૬.૦૦ લાખ કરવામાં આવેલ છે. આથી આ યોજના અન્વયે લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘણો વધારો થનાર છે. જે માટે હેલ્પ સેન્ટરોની સંખ્યા વધારીને ૧૩૧ જેટલી કરવામાં આવેલ છે. હાલમાં રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓને આ યોજના હેઠળ માત્ર વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ અને પરીક્ષાના પરિણામ સંબંધિત કામગીરી માટે નિયુકત કરેલ છે.

આથી રાજ્યની તમામ યુનિવર્સિટીઓ ખાતે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના પ્રચાર, પ્રસાર અને વિદ્યાર્થીઓ માટે દસ્તાવેજોની ચકાસણીની સંબંધિત નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

1. રાજયની તમામ યુનિવર્સિટીઓ ખાતેના હેલ્પ સેન્ટરો દ્વારા વિદ્યાર્થીઓના દસ્તાવેજોની ચકાસણીની કામગીરી ઓફીસર કક્ષાના વ્યક્તિને નોડલ અધિકારી તરીકે નિમીને કરવાની રહેશે.
2. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના સંબંધિત જાણકારી વિદ્યાર્થીઓને પૂરી મળે તે માટે યુનિ. દ્વારા સંસ્થા/તાલુકા-જીલ્લા કક્ષાએ વિવિધ સેમિનારોનાં આયોજન કરવાના રહેશે. આ ઉપરાંત તાલુકા-જીલ્લા કક્ષાએ/શહેરોમાં બેનર-હોર્ડીંઝ વિગરે મારફતે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાનો પ્રચાર પ્રસાર કરવાનો રહેશે.
3. સંબંધિત યુનિવર્સિટીમાં એનરોલ થયેલ અને આ યોજનાનો લાભ મેળવવા પાત્ર કોઈ વિદ્યાર્થી આ યોજનાના લાભથી વંચિત રહેલ નથી. તેની ખાત્રી આપતો બાહેધરી પત્ર યુનિવર્સિટીએ આપવાનો રહેશે તથા પાત્રતા ધરાવતા કેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરેલ છે અને તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને લાભ મળેલ છે તેની વિગતો તથા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પૈકીના વિદ્યાર્થીઓ જો અન્ય યોજના હેઠળ સહાય મેળવતા હોય તો તેની વિગતો પણ આપવાની રહેશે.
4. વિદ્યાર્થીઓને વાલીના આવકના દાખલા સરળતાથી મળી રહે તે માટે સંબંધિત કલેકટર/ માલતદાર કચેરી સાથે સંકલન કરી યુનિવર્સીટી ખાતે જ મામલતદાર કચેરીના સ્ટાફ દ્વારા કેમ્પનું આયોજન કરી સ્થળ પર જ આવા દાખલાઓ કાઢી આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(પી.આર.દવે)
સંયુકત નિયામક ટેકનીકલ શિક્ષણ

પ્રતિ

રાજ્યની તમામ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરશ્રીઓ તથા રજીસ્ટ્રારશ્રીઓ તરફ જાણ અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના પ્રચાર, પ્રસાર અને વિદ્યાર્થીઓ માટે દસ્તાવેજોની ચકાસણી સંબંધિત જરૂરી કાર્યવાહી હાથ ધરવા અંગેની જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ સાદર રવાના:

(૧) અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેક શિ) ,બ્લોક નં-૫, આઠમે માળ ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ

(૨) કમિશનરશ્રી (આરોગ્ય) , કમિશનરશ્રી આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી , બ્લોક નં-૫, બીજે માળ, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ અને આપના તાબા હેઠળની સરકારી / અનુદાનિત સંસ્થાઓ ખાતે વધુ હેલ્પ સેન્ટરો શરૂ કરવાની જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) કમિશનરશ્રી (ઉચ્ચ શિક્ષણ) , કમિશનરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, બીજે માળ , ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ અને આપના તાબા હેઠળની સરકારી / અનુદાનિત સંસ્થાઓ ખાતે વધુ હેલ્પ સેન્ટરો શરૂ કરવાની જરૂરી કાર્યવાહી સારૂ.